# અમેરિકા રહેતા શખ્સે બારડોલીમાં ૭ વર્ષ સુધી મહિલાને પત્ની તરીકે રાખી તરછોડી

**લગ્ન** કરવાનો ઈનકાર કરી અમેરિકા જતો રહ્યો હતો

**જાનથી** મારી નાંખવાની ધમકી આપી, બાદમાં એડિટ કરેલા અશ્લીલ ફોટા વાયરલ કર્યા

બારડોલીઃ કામરેજના શામપુરા ગામના વતની અને હાલ અમેરિકા સ્થાયી થયેલા એક શખ્સે બારડોલીની એક ૩૫ વર્ષીય મહિલાને સાત વર્ષ સુધી પત્ની તરીકે રાખી, તેની સાથે શારીરિક સંબંધો બાંધીને દગો આપ્યો હોવાની ફરિયાદ નોંધાઈ છે. આરોપીએ અમેરિકા ગયા બાદ મહિલા અને તેના પરિવારના ફોટા એડિટ કરી અશ્લીલ ફોટા સોશિયલ મીડિયામાં વાયરલ કરતાં ભારે ચકચાર મચી જવા પામી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર, બારડોલીના ધામદોડ રોડની એક સોસાયટીમાં રહેતી ૩૫ વર્ષીય મહિલાએ મનીષભાઈ નટવરભાઈ પટેલ (ઉં.વ. ૫૧, મૂળ રહે., શામપુરા, વચલું ફળિયું, તા.કામરેજ, જિ.સુરત, હાલ રહે., અમેરિકા) વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. ઓક્ટોબર ૨૦૧૯થી સપ્ટેમ્બર ૨૦૨૬ સુધીના સમયગાળા દરમિયાન આરોપી મનીષ પટેલે પીડિત મહિલાને પોતાની પત્ની તરીકે રાખી હતી. આ સમયમાં બંને વચ્ચે પતિ-પત્ની જેવા સંબંધો રહ્યા હતા. જોકે, આટલા વર્ષોના સંબંધ બાદ આરોપીએ કાયદેસરના લગ્ન કરવાનો ઈનકાર કરી દીધો હતો.

ત્યારબાદ આરોપી મનીષ અમેરિકા જતો રહ્યો હતો. અમેરિકા પહોંચ્યા પછી તેણે પીડિતા અને તેની દીકરીને જાનથી મારી નાખવાની ગંભીર ધમકીઓ આપવાનું શરૂ કર્યું હતું. એટલું જ નહીં, મહિલા અને તેના પરિવારને સમાજમાં બદનામ કરવાના બદઈરાદાથી આરોપીએ સોશિયલ મીડિયાનો દુરુપયોગ કર્યો હતો.

તેણે મહિલા તથા તેના સંબંધીઓ અને પરિચિતોના ફોટા એડિટ કરીને ન્યૂડ અને અશ્લીલ ફોટા બનાવ્યા હતા અને તેને સોશિયલ મીડિયા પર વાયરલ કરી દીધા હતા. બારડોલી ટાઉન પોલીસે સ્ટેશનમાં ૩ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ આરોપી મનીષ પટેલ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ ૮૧, ૩૫૨, ૩૫૧(૩) તેમજ ઈન્ફોર્મેશન ટેકનોલોજી એક્ટ ૨૦૦૮ ની કલમ ૬૭(એ) મુજબ ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

આ સમગ્ર મામલાની ઝીણવટભરી તપાસ બારડોલી ટાઉન પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર વી.એ. સેંગલ ચલાવી રહ્યા છે.

# ઝઘડિયાના સંજાલી ગામમાં 11 વર્ષની બાળકી પર દીપડાનો હુમલો





વિનોદ વસાવા

**ઢોર** ચરાવવા ગયેલી બાળકીને હુમલામાં ગાલ, કાન, પગમાં ગંભીર ઈજા

ઝઘડિયા, ભરૂચઃ ઝઘડિયા તાલુકાના સંજાલી ગામની સીમમાં દીપડાએ હુમલો કરતાં 11 વર્ષની બાળકી ગંભીર રીતે ઘાયલ થઈ હતી. આ ઘટનાથી આખા ગામમાં ફફડાટ ફેલાઈ ગયો છે. બાળકીએ બૂમાબૂમ કરતાં તેનો જીવ બચ્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર, સંજાલી ગામની 11 વર્ષની બાળકી સજનીકા વસાવા તા. 3 ઓક્ટોબરના રોજ ઢોર ચરાવવા માટે ગઈ હતી. તે સમયે ઝાડીઓમાં છુપાયેલા દીપડાએ અચાનક તેના પર હુમલો કર્યો હતો. દીપડાના હુમલા દરમિયાન બાળકીને ગાલ, કાન અને પગમાં ગંભીર ઈજાઓ થઈ હતી. દીપડાના હુમલા બાદ ઘાયલ બાળકીને તાત્કાલિક 108 એમ્બ્યુલન્સ દ્વારા અવિધા સરકારી હોસ્પિટલમાં લઈ જવામાં આવી હતી. વધુ સારવાર માટે તેને ભરૂચ સિવિલ હોસ્પિટલમાં રિફર કરવામાં આવી છે. ઘટનાની જાણ થતાં જ વન વિભાગની ટીમ સંજાલી ગામ પહોંચી હતી. દીપડાને પકડવા માટે વન વિભાગે સીમ વિસ્તારમાં પાંજરું ગોઠવી કાર્યવાહી શરૂ કરી છે. હાલ સાંજલી સહિતના પંથકમાં લોકોમાં ડરનો માહોલ ફેલાયો છે.

# નરેણ ગામે તલાટીને કચેરીમાં ગોંધી રાખી જાહેરમાં અપમાનિત કરાયા



હિતેશ પટેલ

**તાત્કાલિક** ગુનો નોંધી કાર્યવાહી કરવા તલાટી મંડળની રજૂઆત

માંડવીઃ માંડવી તાલુકાના નરેણ ગામે ગત ૨ ઓક્ટોબરના રોજ ગ્રામસભા દરમિયાન એક ચોંકાવનારી ઘટના પ્રકાશમાં આવી છે, જેમાં નરેણ ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રીને કેટલાક શખ્સો દ્વારા કચેરીમાં ગોંધી રાખી તેમની સરકારી ફરજમાં રૂકાવટ કરવામાં આવી હોવાનો ગંભીર આક્ષેપ થયો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, બપોરે કેટલાક વ્યક્તિઓએ તલાટી સાથે ઉદ્ધતાઈભર્યું વર્તન કર્યું હતું અને તેઓએ 'તલાટી ચોર છે' તેવા શબ્દો ઉચ્ચારી જાહેરમાં અપમાનિત કર્યા હતા. આ સમગ્ર ઘટનાનો વિડીયો ઉતારીને તેને namste.naren નામના સોશિયલ મીડિયા પેજ પર વાયરલ કરી દેવામાં આવ્યો હતો, જેનાથી સરકારી કર્મચારીની ભારે બદનામી થઈ છે. આ ઘટનાના ઘેરા પ્રત્યાઘાત પડ્યા છે અને અરેઠ તલાટી કમ મંત્રી મંડળના પ્રમુખ તથા મહામંત્રી દ્વારા આ મામલે તડકેશ્વર (માંડવી) પોલીસ મથકમાં લેખિત રજૂઆત કરવામાં આવી છે, સાથે જ મામલતદાર અને પ્રાંત અધિકારીઓને પણ લેખિતમાં આવેદન આપવામાં આવ્યું છે. મંડળે સખત વિરોધ નોંધાવતા માંગ કરી છે કે સરકારી કર્મચારીને ગોંધી રાખવા, ફરજમાં અડચણ ઊભી કરવા અને પ્રતિષ્ઠાને હાનિ પહોંચાડવા બદલ જવાબદાર તત્વો સામે તાત્કાલિક ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ કરી હતી.

# રૂપિયા 1.43 કરોડનો દારૂ ભરેલું કન્ટેનર હરિયાણાથી અંકલેશ્વર સુધી આવી ગયું

**દિલ્હી**-મુંબઈ એક્સપ્રેસ હાઈવેથી કન્ટેનર ચાલક સાથે SMCની ટીમે રૂ.1.74 કરોડની મતા કબજે કરી

ભરૂચ, અંકલેશ્વરઃ અંકલેશ્વર નજીક દિલ્હી-મુંબઈ એક્સપ્રેસવે પરથી સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC)એ 1.43 કરોડનો વિદેશી દારૂ અને બિયરનો જથ્થો ઝડપી પાડ્યો છે. આ કાર્યવાહીમાં કન્ટેનર ચાલકની ધરપકડ કરવામાં આવી છે. SMCને ખાનગી બાતમી મળી હતી કે, એક બંધ બોડીમાં ટાટા ટ્રક કન્ટેનર (નં. HP 38, H 6907) હરિયાણાથી ગેરકાયદે વિદેશી દારૂ ભરીને મુંબઈ-દિલ્હી એક્સપ્રેસ હાઈવે રોડ ઉપરથી ભરૂચ તરફ જઈ રહ્યું છે અને તે કોસંબા આગળ નીકળી ગયું છે. આ બાબતે ખાલપીયા ગામની સીમમાંથી પસાર થતાં એક્સપ્રેસ હાઈવે પરથી દારૂ ભરેલું કન્ટેનર રોક્યું હતું.



પોલીસે તપાસ કરતાં બોટલ બોક્સ 958 અને બીયર ટીન નંગ 23,460 મળીને કુલ કિંમત રૂ.1,43,84,200નો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ ઉપરાંત ચાલક પાસેથી બે મોબાઈલ કિંમત રૂ.25 હજાર અને ટ્રક કન્ટેનર રૂ.30 લાખ મળીને કુલ રૂ.1,74,09,200નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. ટ્રક ચાલક અનવરશા મહમંદ હનિફ બેલગાવકર (રહે., હુબલી, ઈશ્વરનગર, ગીરીયાલ રોડ, કર્ણાટકા)ની ધરપકડ કરવામાં આવી હતી.

પોલીસ સમક્ષ ચાલક અનવરશા બેલગાવકરે ઘટસ્ફોટ કર્યો કે, તેઓ બાર વર્ષથી ડ્રાઈવરની નોકરી કરે છે. તેમની સાથે આનંદનગરનો સિકંદર પણ ડ્રાઈવર તરીકે નોકરી કરતો હતો. સિકંદરે ભીવાની ખાતે શેઠ (નામની ખબર નથી) અને તેમણે માત્ર શેઠની ઓળખ આપીએ છીએ. દસેક દિવસ પહેલા સિકંદરે ફોન પર વાતચીતમાં કહ્યું હતું કે, શેઠે તેઓને હરિયાણા ભીવાની ખાતે બોલાવીને કહ્યું કે, હું તમોને દારૂ ભરેલી ટ્રક આપીશ, એ ટ્રક તમારે ભીવાની બાયપાસ થઈ ધુલિયા, મહારાષ્ટ્ર ખાતે લઈ જવાની છે. શેઠે આપેલા એક મોબાઈલ ફોન આપીને તેના ફોનમાં લોકેશન મોકલ્યું હતું. અંકલેશ્વર રૂરલ પોલીસમાં ઝડપાયેલો ચાલક અનવરશા બેલગાવકર, શેઠ, સિકંદર (રહે., હુબલી, આનંદનગર, ગીરીયાલ રોડ, કર્ણાટક), દારૂ ભરી આપનાર, ગુજરાતમાં વિદેશી દારૂનો જથ્થો મંગાવનાર અને ટ્રક કન્ટેનરના માલિક સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.

# કીમ નદીના 70 વર્ષ જૂના બ્રિજનું રૂ.3.5 કરોડના ખર્ચે સમારકામ શરૂ

ભરૂચઃ અંકલેશ્વર-હાંસોટથી સુરતને જોડતા સ્ટેટ હાઈવે પર વડોલી વાંક નજીક કીમ નદી પર આવેલા આશરે 70 વર્ષ જૂના જર્જરિત બ્રિજનું સમારકામ શરૂ કરવામાં આવ્યું છે. અંદાજે રૂ. 3.5 કરોડના ખર્ચે હાથ ધરાયેલી આ કામગીરી આગામી 9 મહિનામાં પૂર્ણ કરવાની મુદ્દત રાખવામાં આવી છે. ગંભીરા બ્રિજ દુર્ઘટના બાદ કીમ નદી પરના આ બ્રિજનું લોડ ટેસ્ટિંગ કરતાં બ્રિજમાં તકલીફ હોવાનું જણાતાં તંત્ર દ્વારા સમારકામનો નિર્ણય લેવામાં આવ્યો હતો. કામગીરી દરમિયાન બ્રિજની સલામતીને ધ્યાનમાં રાખીને તેના પરથી ભારે વાહનોની અવરજવર પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. જોકે, પ્રતિબંધ હોવા છતાં બ્રિજ પરથી ભારે વાહનો પસાર થઈ રહ્યા હોવાની સ્થિતિ સામે આવી છે. તંત્ર દ્વારા પ્રતિબંધનો કડક અમલ કરાવવામાં આવે અને ભારે વાહનોને વૈકલ્પિક માર્ગે વાળવામાં આવે તેવી માંગ સ્થાનિકો દ્વારા ઉઠી રહી છે.

# પલસાણા હાઇવે પરથી રૂપિયા ૯૮ લાખનું એલ્યુમિનિયમ સગવગે

**જમ્મુ**-કાશ્મીરના ડ્રાઇવર અને ક્લીનર સામે ફરિયાદ

પલસાણાઃ સુરત ગ્રામ્યના પલસાણા પોલીસ સ્ટેશનની હદમાં દિલ્હી-મુંબઈ ભારતમાલા એક્સપ્રેસ હાઇવે પરથી રૂપિયા ૯૮ લાખની કિંમતના એલ્યુમિનિયમ ઈન્ગોટ ભરેલા ટ્રેલરની ઉઠાંતરીનો સનસનીખેજ બનાવ સામે આવ્યો છે. આ મામલે મોરબી જિલ્લાના વાંકાનેરના ટ્રાન્સપોર્ટ વેપારી અલતાબભાઈ મુસાભાઈ શમાએ પોતાના જ ટ્રેલરના જમ્મુ-કાશ્મીરના રહેવાસી એવા ડ્રાઇવર અને ક્લીનર પોલીસ ફરિયાદ નોંધાવી છે.

પોલીસ ફરિયાદ મુજબ, ફરિયાદી અલતાબભાઈની માલિકીની બરકત રોડ લાઇન્સ નામની ટ્રાન્સપોર્ટ કંપનીમાંથી ગત ૨૫ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ ઓડિશાના ઝારસુગુડા ખાતે આવેલી વેદાંતા એલ્યુમિનિયમ મેટલ લિમિટેડ કંપનીમાંથી આશરે ૪૦ ટન એલ્યુમિનિયમ ઈન્ગોટ ટ્રેલર (નં. GJ-36-V-5225)માં ભરવામાં આવ્યા હતા. આ માલ દાદરા નગર હવેલીના સેલવાસા ખાતે આવેલી ટ્રાન્સરેલ લાઇટિંગ લિમિટેડ કંપનીમાં પહોંચાડવાનો હતો. ટ્રેલર લઈ ડ્રાઇવર મોહમદ આસીદ મીરહુશેન અને ક્લીનર આસીફઅલી કાલુખાન (બંને રહે., રાજૌરી, જમ્મુ-કાશ્મીર) નીકળ્યા હતા, જો કે માલ નહીં પહોંચતા તપાસ કરતાં ડ્રાઇવર અને ક્લીનરના ફોન પણ બંધ આવતા હતા. આ દરમિયાન અન્ય એક ટ્રાન્સપોર્ટર મિત્ર મારફતે જાણવા મળ્યું હતું કે, ટ્રેલરની આગળની કેબિન (હોર્ષ) સુરતના પલસાણા નજીક એના બ્રિજના ટોલનાકાથી થોડે આગળ ભારતમાલા એક્સપ્રેસ વે પર બિનવારસી હાલતમાં પડેલું છે. ફરિયાદીએ ઘટના સ્થળે જઈને તપાસ કરતાં પાછળની ૯૮ લાખનો એલ્યુમિનિયમ ભરેલી ટ્રોલી અને બંને શખ્સો ગાયબ હતા. આમ, ડ્રાઇવર અને ક્લીનરે એકબીજાની મદદગારીથી એલ્યુમિનિયમનો માલ કંપનીમાં ન પહોંચાડી, રસ્તામાં સગેવગે કરી ગુનાહિત વિશ્વાસઘાત કર્યો છે. પલસાણા પોલીસે આ મામલે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# માંડવી સુગરમાં સત્તાધીશો સામે મનમાનીનો આક્ષેપ, ૧૫મીએ આંદોલન

**ખેડૂતોમાં** ભારે આક્રોશ છતાં સંચાલકોએ ભેદી મૌન



હિતેશ પટેલ

માંડવીઃ માંડવી સુગર ફેક્ટરીના વહીવટમાં ચાલતી અપારદર્શક નીતિઓ અને મનમાનીથી ત્રસ્ત ખેડૂતોએ સત્તાધીશો સામે આરપારની લડાઈના મંડાણ કર્યા છે. અન્નદાતાઓના અધિકારોનો કચ્ચરઘાણ વળી રહ્યો હોવાના આક્ષેપ સાથે આગામી ૧૫ ઓક્ટોબર, ગુરુવારે સવારે ૧૦ વાગ્યે સુગર ફેક્ટરી ખાતે જ પ્રચંડ જનઆંદોલન યોજાશે. આયોજકોએ ચીમકી આપી છે કે વહીવટમાં બંધબારણે ચાલતા ખેલ અને સભાસદોની ઉપેક્ષા હવે સાંખી લેવાશે નહીં. આ આંદોલનનો મુખ્ય ઉદ્દેશ સભાસદોના છીનવાયેલા કાયદેસરના હકો સુરક્ષિત કરવાનો, ખેડૂતોના શેર અને આર્થિક હિતો પર તરાપ મારવાનું બંધ કરાવી આર્થિક સુરક્ષા આપવાનો છે. વહીવટમાં પારદર્શિતા લાવવા અને મહત્ત્વના નિર્ણયો ખેડૂતોને વિશ્વાસમાં લઈને જ કરવા ઉગ્ર માંગ ઊઠી છે. આ કોઈ વ્યક્તિગત અદાવત નથી, પરંતુ ખેડૂતોની કમાણી સુરક્ષિત રાખવાનો જંગ છે. આ પ્રદર્શનનું નેતૃત્વ ડિરેક્ટર સંદીપ શર્મા, વાઈસ ચેરમેન મીનાબેન, રમેશ સાવલિયા, પ્રકાશભાઈ પટેલ અને મિતલભાઈ ચૌધરી કરી રહ્યા છે, જેમણે અન્યાય સામે સૌને ઊમટી પડવા હાકલ કરી છે. બીજી તરફ, ખેડૂતોમાં ભારે આક્રોશ છતાં સંચાલકોએ ભેદી મૌન સેવ્યું છે. જો સત્તાધીશો સત્વરે સંતોષકારક ખુલાસો નહીં આપે તો આ આંદોલનની જ્વાળા આગામી દિવસોમાં વધુ ભડકશે તે નિશ્ચિત છે.

# SMCએ વ્યારામાં વરલી મટકાના જુગારધામ પરથી 7ને પકડ્યા

**1.37** લાખના મુદ્દામાલ કબજે, જુગારનો અડ્ડો ચલાવનાર સહિત 15 વોન્ટેડ

વ્યારાઃ તાપીના વ્યારાના મગદુમ નગરમાં સ્ટેટ મોનિટરિંગ સેલે વરલી મટકાના જુગારધામ પર દરોડો પાડી 7 આરોપીને રંગેહાથ ઝડપી પાડ્યા હતા જ્યારે 6 આરોપી પોલીસને ચકમો આપી ભાગી છૂટ્યા હતાં.

મળતી માહિતી મુજબ ગત તારીખ 03-10-2026 ના રોજ પોલીસે વ્યારામાં પેટ્રોલિંગ દરમિયાન બાતમીના દરોડો પાડી વરલી મટકાના જુગાર રમતા સુમિત બાબુ રોકડે (ઉં.વ.34 રહે., મહાદેવ નગર, કણજા ફાટક, તા.વ્યારા, જિ.તાપી), રાજેશ બાબુ ચૌધરી (ઉં.વ.41, રહે., નવી વસાહત, કાનપુરા) રાજકપૂર ધરમવીર ચૌધરી (ઉં.વ.29, રહે., એમ.બી. પાર્ક, તા.વ્યારા, જિ.તાપી), આનંદ ઈશ્વર રાણા (ઉં.વ.51, રહે., 342, રામનગર, રામજી મંદિર પાસે, વ્યારા), શૈલેષ મનુ ગામીત (ઉં.વ.35, રહે., સિંગી ફળિયું, કટાસવાણ રોડ, તા.વ્યારા), સલીમ હુસેન કાકર (ઉં.વ.58, મગદુમ નગર મસ્જિદ પાસે, વ્યારા), મેહુલ જયંતિ ગામીત (ઉં.વ.31, રહે., મંદિર ફળિયું, ટીચકપુરા, તા.વ્યારા)ની ધરપકડ કરી કુલ્લે રૂપિયા 1,38,051નો મુદ્દામાલ કબજે લઈ અડ્ડો ચલાવનાર મુખ્ય આરોપી જીગ્નેશ રામુ ઢીમ્મર માછી સહિત અન્ય 15થી વધુ અજાણ્યા શખ્સોને વૉન્ટેડ જાહેર કરી પકડાયેલા આરોપીઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# માંગરોળના વાંકલ ગામે બંધ ઘરમાંથી ૪.૨૨ લાખની ચોરી

**સોના-ચાંદીના** દાગીના અને રોકડની ચોરાયા, તપાસમાં ડોગ સ્કવોડ અને એફએસએલ ટીમ કામે લાગી



વિનોદ મૈસુરીયા

વાંકલઃ માંગરોળ તાલુકાના વાંકલ ગામે સ્ટેશન ફળિયાના બંધ મકાનમાંથી રૂ. ૪,૨૨,૪૪૮ની મતાની ચોરી કરી થઈ હતી. મૂળ ભાવનગરના પરવડી ગામના અને હાલ વાંકલ ગામે ભાડાના મકાનમાં રહેતા તથા હીરા ઘસવાનું કામ કરતા પિયુષ ભાઈ ભગવાનભાઇ ખસિયા પરિવાર સાથે રહે છે. ગત તા. ૦૩/૧૦/૨૦૨૪ ના રોજ તેઓ પરિવાર સાથે સુરત ખાતે સગાના ઘરે ગયા હતા, જેના કારણે મકાન બંધ હતું. બીજા દિવસે ઉપરના માળે ભાડે થી રહેતા હર્ષદભાઈ ગામીતે ફોન કરી ઘરનો દરવાજો ખુલ્લો હોવાની જાણ કરી હતી. પિયુષભાઇ તુરંત વાંકલ આવીને તપાસ કરતા ઘરમાં સામાન વેરવિખેર પડ્યો હતો. કબાટમાં તપાસ કરતાં સોનાના દાગીના તથા ચાંદીના સાંકળા, કડા, બ્રેસલેટ, રોકડા રૂ.૭૮,૦૦૦ મળી કુલ રૂ. ૪,૨૨,૪૪૮ની ચોરી થઈ હોવાનું માલૂમ પડ્યું હતું. પિયુષભાઇ ખસિયાએ માંગરોળ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે સીસીટીવી ફુટેજ સહિતની તપાસ હાથ ધરી છે. તપાસમાં એફએસએલ અને ડોગ સ્કવોડની પણ મદદ લેવામાં આવી છે.

# સોલાર પ્લાન્ટ અને લાઈનોમાંથી કેબલ ચોરીમાં 4 ઈસમ ઝડપાયા

**ચોરીના** 9 ગુનાનો ભેદ ઉકેલાયો, બે વોન્ટેડ



ભરૂચઃ ભરૂચ તથા આણંદ જિલ્લાના વિસ્તારોમાં સોલાર પાવર પ્લાન્ટ તથા ઈલેક્ટ્રિસિટીની લાઈનોમાંથી થયેલી કેબલ ચોરીના 9 ગુના શોધી કાઢી ભરૂચ LCBની ટીમે ચાર આરોપીને ઝડપી પાડ્યા છે. પોલીસને બાતમી મળી હતી કે, આમોદ આછોદ ચોકડી પાસે મોટરસાઈકલ (નં. GJ 16 ED 8412) સાથે ઊભેલા ચાર ઈસમને ઝડપી પાડ્યા હતા. પૂછપરછમાં આરોપીઓએ આમોદ, વેડચ તથા ખંભાત વિસ્તારમાં આવેલા વિવિધ સોલાર પાવર પ્લાન્ટ તથા હાઈટેન્શન ઈલેક્ટ્રિસિટીની લાઈનોમાંથી કોપર તેમજ એલ્યુમિનિયમના કેબલ અને ભંગારની ચોરી કરી હોવાનું કબૂલ્યુ હતું. ઝડપાયેલા સુહેલ અબ્બાસ પટેલ (રહે., પરવેઝ પાટ, આછોદ, તા.આમોદ, જિ.ભરૂચ), ઓમપ્રકાશ લાલમણી યાદવ, મોહમદ રહીયુફ મોહમદ અલી ખાન, મનોજ રામબહોર યાદવ (ત્રણે રહે., મહુલી, રાયપુર કરચુલીયા, જિ.રીવા, મધ્યપ્રદેશ)નો સમાવેશ થાય છે. જ્યારે ઝૂબેર ઉર્ફે મીલી ઈસ્માયલ પટેલ (રહે., લાંગીયા ફળિયું, આછોદ) અને આસીફ ઉર્ફે રુપાલ ઐયુબ વ્હોરા (રહે., ખંભાત, જિ.આણંદ) વોન્ટેડ જાહેર કર્યા છે. પોલીસે કુલ રૂ.1.20 લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ બાબતે આમોદ, વેડચ તથા ખંભાત પોલીસ સ્ટેશન ખાતે ખાત્રી કરાવતા આમોદ ખાતે ૫ ગુના, વેડચ ખાતે ૧ ગુનો તેમજ ખંભાત ખાતે ૩ ગુના નોંધાયેલા છે.

## સંક્ષિપ્ત સમાચાર

### ભરૂચી આંબા ગામે દીપડો પાંજરે પુરાતા લોકોને રાહત



ભરૂચ, ઝઘડિયાઃ ઝઘડિયા તાલુકાના ભરૂચી આંબા ગામે એક દીપડો પાંજરે પુરાતા આસપાસના ગામોના લોકોએ રાહતનો શ્વાસ લીધો છે. ઝઘડિયામાં દીપડો ઘણા ગામડાઓમાં અવરજવર કરતો હોવાથી સૌ ચિંતાતુર બન્યા હતા. હાલમાં દીપડો ઘર સુધી પહોંચી જતો હોવાથી તલોદરા ગ્રુપ ગ્રામ પંચાયતે વન વિભાગને રજૂઆત કરી હતી. આ રજૂઆતના પગલે વન વિભાગે ત્રણ દિવસ પહેલા ગામમાં પાંજરું ગોઠવ્યું હતું. રવિવારે વહેલી સવારે શિકારની શોધમાં ગામ તરફ આવેલા દીપડાએ પાંજરામાં પ્રવેશ કર્યો અને ફસાઈ ગયો હતો. વન વિભાગે દીપડાને સુરક્ષિત રીતે પાંજરામાંથી બહાર કાઢી યોગ્ય સ્થળે ખસેડ્યો હતો.

### નવરાત્રિ પર્વને લઈ બારડોલીમાં પોલીસનું વાહન ચેકિંગ



બારડોલીઃ આગામી નવરાત્રિ અને અન્ય તહેવારોને ધ્યાનમાં રાખીને બારડોલી ટાઉન પોલીસે કાયદો અને વ્યવસ્થા જાળવવા સઘન વાહન ચેકિંગ શરૂ કર્યું છે. નગરના વિવિધ વિસ્તારોમાં નંબર પ્લેટ વગરના, કાળા કાચવાળા વાહનો, ડ્રિંક એન્ડ ડ્રાઈવ તથા હેલ્મેટના નિયમોના ભંગ બદલ ચાલકો સામે દંડાત્મક કાર્યવાહી કરાઈ હતી.

### એકવાગોળણ ગામે પાડાના હુમલામાં ખેડૂતનું મોત

સોનગઢઃ સોનગઢ તાલુકાના નાના તારપાડા ગામના આંબા ફળિયામાં રહેતા ૬૨ વર્ષીય કાગદીયાભાઇ ઘેડીયભાઇ ગામીત ગુરુવારે સવારે ૦૬:૦૦ વાગ્યાના સુમારે મોજે એકવાગોળણ ગામના જંગલ વિસ્તારમાં મેઢાવાળી માદી સીમમાં ભેંસો ચરાવવા ગયા હતા. તે દરમિયાન ત્યાં અચાનક પાડાએ તેમના પર હુમલો કર્યો હતો. ગંભીર ઈજાના પગલે બીજા દિવસે તેમનું મોત નીપજ્યું હતું. આ આકસ્મિક દુર્ઘટનાથી ગામ સહિત પરિવારમાં શોકનું મોજુ ફરી વળ્યું છે.

### વાવના યુવકના બેંક ખાતામાંથી બારોબાર ઉપડી રૂ.2.22 લાખ

કામરેજઃ મૂળ અમરેલીના વાઘણીયા ગામના વતની અને હાલ કામરેજના વાવ ગામે સાશ્વત લકઝરીમાં રહેતા યસ ઘનશ્યામ કાછડીયા કતારગામ જીઆઈડીસીમાં હીરાનું કામ કરે છે. ગત તા.25મી સપ્ટેમ્બરે મોબાઈલ પર ઓટીપી આવ્યા બાદ મેસેજ ચેક કરતાં ખાતામાંથી રૂ.2,22,997 ઓછા બતાવતાં એકાઉન્ટ બ્લોક કરાવી દીધું હતું. બાદમાં સ્ટેટમેન્ટ જોતાં અલગ અલગ યુપીઆઈ આઈડી ચાર અલગ અલગ ટ્રાન્જેક્શનથી 2,22,998 ઉપાડી લેવામાં આવતાં કામરેજ પોલીસ મથકમાં અજાણ્યા ઈસમ સામે ગુનો નોંધાવ્યો હતો.

### કડોદરાની મહેક રેસિડેન્સીમાંથી ૪૫ વર્ષીય આધેડ અચાનક ગુમ

પલસાણાઃ કડોદરાના શ્રી નિવાસ ગ્રીનસિટીમાં આવેલી મહેક રેસિડેન્સીના ત્રીજા માળે ફ્લેટ નંબર ૩૦૬માં રહેતા અને મૂળ રાજસ્થાનના બિકાનેરના નાપાસર ગામના વતની દીનેશકુમાર કૈલાશચંદ ઝવર (ઉં.વ.૪૫) ગત તારીખ ૦૨/૧૦/૨૦૨૬ ના રોજ સવારે પોતાના ઘરેથી અચાનક ગુમ થઈ ગયા હતા. શોધખોળ બાદ પણ પત્તો ન લાગતા કડોદરા જી.આઈ.ડી.સી. પોલીસ સ્ટેશનમાં જાણ કરતાં પોલીસે તપાસ હાથ ધરી છે.

### અંકલેશ્વરમાં સેવાના રંગ રાષ્ટ્રના સંગ અંતર્ગત કોલાજ વર્ક સ્પર્ધા



ભરૂચઃ વિકસિત ભારત 2047- સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત "સેવાના રંગ રાષ્ટ્રના સંગ" વિષયને કેન્દ્રમાં રાખીને ભરૂચ જિલ્લાના ધોરણ 9 થી 12ના વિદ્યાર્થીઓ માટે કોલાજ વર્ક સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધાનું આયોજન અંકલેશ્વરની રંગ ઇન્ટરનેશનલ સ્કૂલ ખાતે રાખવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં જિલ્લા શિક્ષણાધિકારી સ્વાતિબા રાઓલ ઉપસ્થિત રહ્યા હતા. સાથે કાર્યક્રમમાં જિલ્લા મહિલા મોરચાનાં મહામંત્રી, ભરૂચ રીટાબેન પટેલ, સામાજિક કાર્યકર અંજલીબેન ડોગડે તથા પ્રમુખ,માતો ચેરિટેબલ ટ્રસ્ટ સંદીપભાઈ પટેલ ઉપસ્થિત રહીને ઉપસ્થિત રહ્યા હતા. ભરૂચ જિલ્લાના વિવિધ તાલુકાઓની શાળાઓમાંથી 275થી વધુ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

### વેલાછા ગામે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને શાળાના ઓરડાનું ધારાસભ્યના હસ્તે લોકાર્પણ

હથોડાઃ આજે રવિવારે વેલાછા ગામે માંગરોળના ધારાસભ્ય ગણપત વસાવાના હસ્તે પોણા બે કરોડના ખર્ચે તૈયાર થયેલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને સરકારી પ્રાથમિક શાળાના ઓરડાનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આસપાસના 10થી 15 ગામની જનતા કે જે તદ્દન ગરીબ મધ્યમ વર્ગ ધરાવે છે. વર્ષો જૂનું પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને સરકારી શાળા તદ્દન જર્જરીત થઈ જતા માંગરોળનાં ધારાસભ્ય ગણપત વસાવાના અથાગ પ્રયત્નોના કારણે પોણા બે કરોડ રૂપિયા મંજૂર થતાં તમામ સુવિધાઓથી સજ્જ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને સરકારી પ્રાથમિક શાળાના ઓરડાનું રીનોવેશન કરવામાં આવ્યું હતું.

### જંબુસરમાં નગરપાલિકાએ 6 રખડતી ગાયને પકડી



ભરૂચઃ જંબુસર નગર અને આસપાસના ખેતરોમાં રખડતી ગાયોથી ઊભા પાકને નુકસાન થતું હતું. ખેડૂતો, ગૌરક્ષકો અને ગૌસેવકોની લેખિત ફરિયાદ બાદ જંબુસર નગરપાલિકાએ 6 રખડતી ગાયોને પકડી છે. નગરપાલિકાએ પશુપાલકોને અપીલ કરી છે કે તેઓ પોતાની ગાયોને ઘરમાં અથવા સુરક્ષિત જગ્યાએ રાખે. જો ગાયોને ખુલ્લી છોડવામાં આવશે, તો તેમની સામે દંડાત્મક કાર્યવાહી કરાશે. ઉલ્લેખનીય છે કે રખડતા પશુઓનો ત્રાસ ભરૂચ શહેર, અંકલેશ્વર GIDC અને કોસમડીમાં અંકલેશ્વર-વાલિયા રોડ પર ખુલ્લા જાહેર માર્ગો પર બેધડક ફરતા હોય છે. જેને કારણે વાહનચાલકો માટે શિરદર્દ સમાન બની ગયો છે.

Milano MULTIPLEX
બારડોલી
Drishyam:The Conclusion
10:00am, 12:00pm,
01:00pm, 03:00pm,
04:00pm, 06:00pm,
07:00pm, 09:00pm,
09:30pm, 10:00pm
The Paradise - 11:00am
Prem Keetnu - 02:15pm
The Vvaan - 05:15pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333